# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૬૮ I વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૦૨ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 68 • Dt.09-10-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

09 OCTOBER- 2025 THURSDAY





P.07

ક્રિતી સેનન અને યામી ગૌતમ નઈ નવેલી ફિલ્મમાં સ્ક્રીન શેર કરશે





P.07

દીપિકા હિજાબમાં સુંદર લાગે છે, રણવીર લાંબી દાઢીમાં I વીડિયોએ ચર્ચા જગાવી



ગાઝામાં શાંતિ માટે હમાસ તૈયાર પણ મૂકી શરત I અમેરિકા પાસે માગી એક ગેરન્ટી

07







07

એશિયા ચીન, રશિયા અને ઈરાન ઠીક છે, પરંતુ હવે જ પાકિસ્તાન આતંકવાદીઓથી ડરી રહ્યું છે


**બંને પક્ષો સ્વતંત્ર રીતે લડશે**

### રાજ્યની નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણીઓ માટે કોંગ્રેસે આપને મોટો ઝટકો આપ્યો છે

# ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન નહીં

### પક્ષના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું છે કે કોંગ્રેસ હવે રાજ્યમાં પોતાની સ્વતંત્ર રાજકીય ઓળખ મજબૂત બનાવવા ઈચ્છે છે અને કોઈપણ પ્રકારના ગઠબંધનથી દૂર રહેવાનું નક્કી કર્યું

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ I

ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન નહીં, બંને પક્ષો સ્વતંત્ર રીતે લડશે. રાજ્યની નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણીઓ માટે કોંગ્રેસે આપને મોટો ઝટકો આપ્યો છે. જેમાં દરેક પક્ષ પોતપોતાની રણનીતિ મુજબ તૈયારી કરશે. ગુજરાતના રાજકીય માહોલમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે કોંગ્રેસે આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન ન કરવાની જાહેરાત કરી છે.પક્ષના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું છે કે કોંગ્રેસ હવે રાજ્યમાં પોતાની સ્વતંત્ર રાજકીય ઓળખ મજબૂત બનાવવા ઈચ્છે છે અને કોઈપણ પ્રકારના ગઠબંધનથી દૂર રહેવાનું નક્કી કર્યું છે. આ નિર્ણયથી સ્પષ્ટ થયું છે કે સ્થાનિક સ્તરે પક્ષ પોતાનાં બળે જ ચૂંટણી લડશે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું છે કે અગાઉની ચૂંટણીઓમાં અન્ય પક્ષો સાથે ગઠબંધનથી અપેક્ષિત પરિણામ મળ્યાં ન હતાં, તેથી હવે પક્ષ પોતાના સંગઠન અને મતદાતાઓ વચ્ચે વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા ઈચ્છે છે. રાજ્યભરમાં પક્ષ દ્વારા ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા પણ ઝડપથી શરૂ કરવામાં આવશે.બીજી તરફ, આપ માટે આ નિર્ણય મોટો રાજકીય પડકાર છે, કારણ કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તે કોંગ્રેસના મતદારોને મોટાપાયે ખેંચી શકી હતી, પરંતુ હવે સ્થાનિક ચૂંટણીઓમાં તે પોતાનાં બળે જ ટક્કર આપશે. રાજકીય વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં ત્રિપક્ષીય ટક્કર સર્જાવાની સંભાવના છે.



ભાજપ સામે કોંગ્રેસ અને આપ બંને અલગ અલગ મોરચા પર મેદાનમાં ઉતરશે. આગામી મહિનાઓમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીઓમાં દરેક પક્ષ માટે પોતાની સંગઠન શક્તિ અને જનસમર્થન પરખાવાનો સમય હશે. હાલના પરિસ્થિતિ મુજબ કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે હવે કોઈ પણ ગઠબંધનની જગ્યાએ પોતાની સ્વતંત્ર રાજકીય લાઈન પર આગળ વધશે.

**કેસમાં અગાઉ મુખ્ય આરોપી સ્ટીવન ભાનુભાઈ મેકવાનની ધરપકડ થઈ હતી, જે હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં**

# નડિયાદમાં ધર્માંતરણ મામલે વધુ એક આરોપીની ધરપકડ, પોલીસ તપાસમાં વિદેશી ફંડનો ખુલાસો

I પ્રતિનિધિ, ખેડા, તા.૮ I

નડિયાદમાં બહુચર્ચિત ધર્માંતરણ મામલે પોલીસે વધુ એક આરોપી, સ્મિતુલ ફિલિપભાઈ મહીડાની ધરપકડ કરી છે. આ કેસમાં અગાઉ મુખ્ય આરોપી સ્ટીવન ભાનુભાઈ મેકવાનની ધરપકડ થઈ હતી, જે હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. પોલીસે સ્મિતુલ મહીડાને પાંચ દિવસના રિમાન્ડ પર લઈ, વધુ તપાસ શરૂ કરી છે.રિસ્ટોરેશન રિવાઈવલ ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા ધાર્મિક સેમિનારના બહાને લોકોને લાલચ આપી ધર્માંતરણ કરાવવામાં આવતું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આ સંસ્થાને વિદેશમાંથી ફંડ પણ મળતું હતું.ડીવાયએસપી વી. આર. બાજપાઈએ જણાવ્યું કે, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમ, ૨૦૨૧ હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદી આકાશ નરેન્દ્રભાઈ પટેલ, નડિયાદના રહેવાસી, તેમના મિત્રો સાથે આશીર્વાદ સોસાયટી નજીકથી પસાર થતા હતા ત્યારે તેમને ક્રિશ્ચિયન ધર્મની પ્રાર્થના અને ''હાલેલુયા''ના નારા સંભળાયા. અંદર જઈને તપાસ કરતાં જાણવા મળ્યું કે બે ઈસમો દ્વારા પ્રભુ ઈસુના ચમત્કારો, જીવન સુધારણા અને સ્વર્ગની પ્રાપ્તિના વચનો આપી ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે લાલચ આપવામાં આવી રહી હતી.ડીવાયએસપીએ જણાવ્યું કે સ્મિતુલ મહીડા આ સંસ્થાના હિસાબો અને પત્રવ્યવહારનું કામ સંભાળતો હતો. તે બાઈબલ કોલેજમાં વક્તા તરીકે પણ સક્રિય હતો અને સ્ટીવન મેકવાન સાથે ગુજરાત તેમજ ભારતના વિવિધ વિસ્તારોમાં જઈને આ પ્રવૃત્તિઓમાં ભાગ લેતો હતો.









લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૯૬૨૫ ૧૩૦૯૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## સુરેન્દ્રનગરમાં ડમ્પર-કાર વચ્ચે અકસ્માત, ૪ મહિલાના મોત:એક પુરુષ ગંભીર

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૮ ।

સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં કારમાં સવાર ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા છે.તે સિવાય એક વ્યક્તિ ગંભીરપણે ઘાયલ થતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.ઘટના અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર-માલવણ હાઈવે પર આવેલા ઝેઝરી ગામ નજીક ડમ્પર અને કાર વચ્ચે ધડાકાભેર ટક્કર થતાં ચાર મહિલાઓના મોત થયા છે. સ્થાનિકોએ જાણ કરતાં બજાણા પોલીસઅને ૧૦૮નો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે.આ અકસ્માતની ઘટનામાં અલટ્રોજ કાર માલવણથી સુરેન્દ્રનગર તરફ આવી રહી હતી,જ્યારે સામે સુરેન્દ્રનગરથી માલવણ તરફ માંતેલા સાંઢની માફક પુરઝડપે આવતા ડમ્પર સાથે ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

## રશિયા તરફથી લડી રહેલા ૨૨ વર્ષીય ગુજરાતીએ યુક્રેન સમક્ષ આત્મસમર્પણ કર્યું

। પ્રતિનિધિ, મોરબી, તા.૮ ।

ગુજરાતના મોરબીનો માજોતી સાહિલ મોહંમદ હુસેન ભણવા માટે રશિયા ગયો હતો. પરંતુ ત્યાં અચાનક એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે તેણે ના છૂટકે યુદ્ધના મેદાન પર ઉતરવાની ફરજ પડી. યુક્રેનની ૬૩મી મેકેનાઇઝ્ડ બ્રિગેડે એક વીડિયો જાહેર કર્યો હતોજેમાં જણાવવામાં આવ્યું હતું કે માજોતીને રશિયામાં ડ્રગ્સ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે. તેને સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. પરંતુ, જેલ જવાથી બચવા માટે રશિયન સેનામાં સામેલ થવાની ઓફર માજોતીને કરવામાં આવી, જે તેમણે સ્વીકારી લીધી હતી.માજોતીએ જણાવ્યું હતું કે તેણે જેલમાં ના જવું પડે એ માટે રશિયન આર્મીમાં સામેલ થવાની ઓફરનો સ્વૈચ્છિક રીતે સ્વીકાર કર્યો હતો કારણ કે તેની પાસે અન્ય કોઈ ઓપ્શન ના હતા. ૧૬ દિવસની તાલીમ પછી તે એક ઓક્ટ-ોબરે યુદ્ધના મેદાનમાં ઉતારી દેવાયો.

### ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ

# આગામી ૧૦ ઓક્ટોબરે અંબાજીથી યાત્રાનો પ્રારંભ કરશે

**અંબાજીથી શરૂ થતા આ આઠ દિવસના પ્રવાસમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓ અને શહેરોની મુલાકાતો અને સ્થાનિક નેતાઓ, કાર્યકરો અને સંગઠનના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ ૧૦ ઓક્ટોબરથી તેમનો રાજ્યવ્યાપી પ્રવાસ શરૂ કરશે. અંબાજીથી શરૂ થતા આ આઠ દિવસના પ્રવાસમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓ અને શહેરોની મુલાકાતો અને સ્થાનિક નેતાઓ, કાર્યકરો અને સંગઠનના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભાજપ સંગઠનની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો અને નજીકના ભવિષ્યમાં નવા સંગઠનની રચના માટે મજબૂત પાયો નાખવાનો છે.જગદીશ પંચાલની મુલાકાતને ગુજરાત ભાજપ સંગઠનને મજબૂત અને સક્રિય કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. આ મુલાકાત દરમિયાન, તેઓ:રાજ્યના જિલ્લાઓ અને શહેરી વિસ્તારોમાં સ્થાનિક નેતાઓ અને કાર્યકરો સાથે મુલાકાત કરીને સંગઠનાત્મક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરશે.પક્ષની આંતરિક પ્રવૃત્તિઓ, સમસ્યાઓ અને પડકારો અંગે માહિતી એકત્રિત કરશે.આગામી ચૂંટણીઓ અને રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નવી રણનીતિ ઘડવા માટે સંગઠનમાંથી મૂળભૂત માહિતી એકત્રિત કરશે.આ પ્રવાસ દરમિયાન, જગદીશ પંચાલ રાજ્યના તમામ સ્તરે સંગઠનની શક્તિઓ અને નબળાઈઓને સમજવાનો



પ્રયાસ કરશે, જેના આધારે દિવાળી પછી નવા સંગઠનની રચનાની પ્રક્રિયા શરૂ થવાની સંભાવના છે.આ રાજ્ય પ્રવાસનું આયોજન અને સંકલન કરવાની જવાબદારી ઋત્વિજ પટેલ, ધવલ પટેલ અને સંદીપ દેસાઈને સોંપવામાં આવી છે, જે બધા ભાજપ પ્રમુખ પદના મજબૂત દાવેદાર છે. આ ત્રણેય નેતાઓ પ્રવાસની સફળતા સુનિશ્ચિત કરવા માટે સંગઠનના અધિકારીઓ અને કાર્યકરો સાથે સંકલન કરશે. આ ઉપરાંત, પ્રવાસ દરમિયાન જિલ્લા અને શહેરના નેતાઓ સાથે બેઠકો યોજાશે, જ્યાં સ્થાનિક સ્તરે પક્ષની સ્થિતિ અને ભવિષ્યની રણનીતિ પર ચર્ચા કરવામાં આવશે.આ પ્રવાસના સમાપન પછી, નવા ભાજપ સંગઠનની રચનાની પ્રક્રિયા શરૂ થવાની સંભાવના છે. નવા અધિકારીઓની નિમણૂક કરવા અને નવું સંગઠનાત્મક માળખું સ્થાપિત કરવા માટે દિવાળી પછી બેઠકો યોજાઈ શકે છે. રાજ્યમાં ભાજપની રાજકીય તાકાતને વધુ મજબૂત બનાવવા અને આગામી ચૂંટણીઓ માટે પક્ષને તૈયાર કરવા માટે આ માળખું મહત્વપૂર્ણ રહેશે.

## વિસનગરની ૧૫ વર્ષની દીકરી પર ગેંગરેપ : ૬ નરાધમોએ આચર્યું દુષ્કર્મ, પાંચની અટકાયત

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૮ ।

વિસનગરમાંથી ખૂબ જ શરમજનક કિસ્સો સામે આવ્યો છે. વિસનગરની ૧૫ વર્ષની દીકરી પર ૬ યુવાનોએ દુષ્કર્મ આચર્યું છે. સગીરાને વિવિધ સ્થળ પર લઈ જઈને દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આ અંગેની વિસનગર સિટી પોલીસે પોક્સો, બળાત્કાર અને અપહરણની ફરિયાદ દાખલ કરીને ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. વિસનગર પોલીસે ઘટનાના ગણતરીના કલાકોમાં છ પૈકી પાંચ યુવાનોની અટકાયત કરી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, વિસનગરની સગીર દીકરીને છ યુવાનોએ પોતાની હવસનો શિકાર બનાવી છે. આ નરાધમોએ અલગ અલગ જગ્યાએ સગીરાને લઈ ગયા હતા. પહેલા બે યુવક સગીરાને વિસનગર નજીક લઈ ગયા, જ્યાં તેની પર દુષ્કર્મ કર્યું. જે બાદમાં બીજા બે યુવકો ત્યાં પહોંચીને સગીરા સાથે દુષ્કર્મ આચર્યું. વાત આટલેથી અટકી નહીં અને અન્ય યુવકે લિફ્ટ આપી ઘરે લઈ જઈને તેના પર દુષ્કર્મ આચર્યું હતું.વિસનગર પોલીસને આ અંગેની જાણ થતા થોડા જ કલાકોમાં છ પૈકી પાંચ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ સાથે અન્ય એકને શોધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## પાટણથી પાકિસ્તાની નાગરિક ઝડપાયો, તપાસ શરૂ કરવામાં આવી

। પ્રતિનિધિ, પાટણ, તા.૭ ।

પાટણમાં એક ખુબ જ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જ્યાં પાટણના સાંતલપુરમાંથી એક પાકિસ્તાની ઝડપાયો છે. મોહમ્મદ નવાઝ નામના શખ્સને બીએસએફ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. જો કે તે બોર્ડર પાર કરીને છેક પાટણના સાંતલપુર સુધી કઇ રીતે પહોંચ્યો તે સૌથી મોટો સવાલ છે. આ વ્યક્તિ એવાલ ગામ નજીક ‘પરવાના બીઓપીથી ઝડપાયો હતો. સમગ્ર મામલે પાટણ જિલ્લા પોલીસ, સેન્ટ્રલ આઇબી,બીએસએફની ટીમ કરશે સંયુક્ત તપાસ કરી રહી છે.પાટણના સાંતલપુરમાં બીએસએફએ પાકિસ્તાનીને ઝડપી લેતા ચકચાર મચી ગઇ છે. બોર્ડર પરથી પાકિસ્તાનીને ઝડપ્યો હતો. મોહમ્મદ નવાઝ નામનો શખ્સ પકડાયો હતો. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ આદરવામાં આવી છે. આ વ્યક્તિ ક્યાંથી આવ્યો કઇ રીતે ભારતમાં ઘુસ્યો અને કઇ રીતે અહીં સુધી પહોંચ્યો સહિતના સમગ્ર મામલે તપાસ આદરી છે.પાટણના સાંતલપુર તાલુકાના બોર્ડર પરથી પાકિસ્તાનીને ઝડપી લેવાયો છે. બીએસએફ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની ઝડપી લેવામાં આવ્યો હતો. મોહમ્મદ નવાજ નામનો શખ્સ બીએસએફના હાથે ઝડપાયો છે. તે કયા ઈરાદે આવ્યો હતો કઇ રીતે પાકિસ્તાનમાંથી ઘુસી આવ્યો હતો. અહીં કોને મળવાનો હતો અને ક્યાં રોકાવાનો હતો સહિતની તમામ બાબતે તપાસ ચાલી રહી છે.

### ચૈતર વસાવાએ પેરોલ પર છૂટ્યાં બાદ એક મોટો અને ચોંકાવનારો રાજકીય ધડાકો કર્યો

# ભાજપે મંત્રી પદની ઓફર કરી । પણ જનતાના પ્રેમ સામે રૂપિયાની કોઈ કિંમત નથી : ધારાસભ્ય ચૈતર વસાવા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

આદિવાસી સમાજમાં લોકપ્રિય અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ પેરોલ પર છૂટ્યાં બાદ એક મોટો અને ચોંકાવનારો રાજકીય ધડાકો કર્યો છે. ગરુડેશ્વર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં જાહેર મંચ પરથી બોલતા તેમણે ખુલાસો કર્યો કે ભારતીય જનતા પાર્ટીએ તેમને પક્ષમાં જોડાવા અને મંત્રી પદ આપવાની ઓફર કરી હતી. વસાવાએ જણાવ્યું કે વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન જ્યારે તેઓ ગાંધીનગર ગયા હતા, ત્યારે ભાજપના ‘મોટા ગજાના’ નેતાઓ તેમને મળ્યા હતા. આ નેતાઓએ તેમને ઓફર આપી હતી કે, “ભાજપ માં જોડાઈ જાઓ, મંત્રીમંડળનું વિસ્તરણ થવાનું છે એટલે તમને મંત્રી



બનાવી દઈશું.”

ભાજપની આ આકર્ષક ઓફરનો ઉલ્લેખ કરતાં વસાવાએ તેને ઠુકરાવવાની વાત જાહેર કરી. તેમણે ગદગદિત સ્વરે કહ્યું કે, “હું મંત્રી બની જાઉં કે પછી મુખ્યમંત્રી બની જાઉં. લાખો-કરોડોની મિલ્કતો વસાવી લઉં, પણ જનતાના પ્રેમ સામે કરોડો રૂપિયાની કોઈ કિંમત અને વિસાત નથી.” તેમણે સ્પષ્ટ કર્યું કે ગરીબ જનતાનો પ્રેમ, સાથી મિત્રોનો સહકાર અને વડીલોના આશીર્વાદ જ તેમની ખરી ‘પૂંજી’ છે, જે મંત્રીપદ કરતાં પણ વધુ મૂલ્યવાન છે.

આમ કરીને ચૈતર વસાવાએ મતદારોમાં પોતાની એક આગવી અને પ્રમાણિક છબી ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે, જે સત્તાની લાલચથી દૂર રહી જનસેવાને પ્રાથમિકતા આપે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરો અને જનતામાં જોશ ભરતાં વસાવાએ ફિલ્મી ડાયલોગ શૈલીમાં કહ્યું, “ચૈતર વસાવા કભી ઝુકેગા નહીં. તુમકો ક્યા લગતા થા નહીં લૌટેંગે, જબ તક તોડેંગે નહીં તબ તક છોડેંગે નહીં!” આ ડાયલોગ સાંભળીને કાર્યકરો અને લોકોએ જોરદાર તાળીઓ પાડીને સમગ્ર વાતાવરણ ગુંજવી દીધું હતું. આ નિવેદનો દ્વારા ચૈતર વસાવાએ માત્ર ભાજપની ઓફર ઠુકરાવી હોવાનો સંકેત જ નથી આપ્યો, પરંતુ જેલમાં જઈને પાછા ફર્યા બાદ તેમનો સંઘર્ષ અને લડાયક જુસ્સો અકબંધ હોવાનું પણ સાબિત કર્યું છે.

## સુરત : કતારગામમાં મિત્ર દ્વારા મિત્રની હત્યા, બે સગીર સહિત ત્રણની ધરપકડ

। પ્રતિનિધિ, સુરત, તા.૮ ।

શહેરમાં ફરી એકવાર મિત્રતાની આડમાં ખૂનનો કિસ્સો સામે આવ્યો છે. કતારગામ વિસ્તારમાં થયેલી આ ઘટનાએ સમગ્ર શહેરને હચમચાવી નાખ્યું છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે અલ્પેશ ચૌહાણ નામના યુવકની હત્યા જૂની દુશ્મનાવટ અને વ્યક્તિગત અદાવતના કારણે તેના જ મિત્રોએ મળીને કરી હતી.મૃતક અલ્પેશ ચૌહાણ પોતાના બે મિત્રો સાથે અમરોલી વિસ્તારમાંથી કતારગામ તરફ કપડાં ખરીદવા નીકળ્યો હતો, તે દરમિયાન અમરોલી બ્રિજ પાસે જ તેના મિત્ર સૂરજસિંહ લોટેલા અને બે સગીર સાથીઓએ અલ્પેશ પર હુમલો કર્યો હતો. ત્રણેયે મળીને તેને ગંભીર રીતે માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. હુમલા પછી આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા.આ ઘટનાની જાણ થતાં કતારગામ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ, મોબાઈલ લોકેશન અને ઈન્ટેલિજન્સના આધારે પોલીસને ત્રણેય શંકાસ્પદ સુધી પહોંચવામાં સફળતા મળી. કતારગામ પોલીસની ઝડપી કામગીરી બાદ પ્રમુખ આરોપી સૂરજસિંહ લોટેલા અને બે સગીર આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે સૂરજસિંહ લોટેલા પર અગાઉ પણ પાંચ જુદા જુદા ગુનાઓ નોંધાયેલા છે. પોલીસના જણાવ્યા મુજબ સૂરજ અને અલ્પેશ વચ્ચે જૂની અદાવત ચાલતી હતી, જેના કારણે આ હત્યા કરવામાં આવી.



તમે તૈયારી શરૂ કરો, જાદર તાલુકો જાહેર ન થાય તો ઈડરમાં વિસાવદરવાળી કરવી પડશે : રમણલાલ વોરા

# ગુજરાત રાજ્યના ઇડરમાં 'વિસાવદરવાળી' થશે રમણલાલનો બળવો । સરકાર સામે વિરોધના સૂર

ઈડરથી ચૂંટાયેલા વોરાએ જાદર તાલુકાની રચના ન થવાના મુદ્દે પક્ષના જ એક સોશિયલ મીડિયા ગ્રુપમાં ઉશ્કેરણીજનક મેસેજ કરીને ચકચાર જગાવી

। પ્રતિનિધિ, હિંમતનગર,તા.૮ ।

ભાજપના વરિષ્ઠ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી રમણલાલ વોરાએ પોતાના જ પક્ષની સરકાર સામે બળવાખોર સૂર અપનાવ્યો છે. ઈડરથી ચૂંટાયેલા વોરાએ જાદર તાલુકાની રચના ન થવાના મુદ્દે પક્ષના જ એક સોશિયલ મીડિયા ગ્રુપમાં ઉશ્કેરણીજનક મેસેજ કરીને ચકચાર જગાવી છે. તેમણે કાર્યકરોને 'વિસાવદરવાળી' કરવાની તૈયારી કરવા જણાવી દીધું છે, જે પક્ષ વિરોધી પ્રવૃત્તિનો સ્પષ્ટ સંકેત આપે છે.



સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આ મેસેજમાં રમણલાલ વોરા સ્પષ્ટપણે કહે છે કે, "તમે તૈયારી શરૂ કરો, જાદર તાલુકો જાહેર ન થાય તો ઈડરમાં વિસાવદરવાળી કરવી પડશે." આ સાથે તેમણે કાર્યકરોને જાદર તાલુકાની રચનાનો મુદ્દો ગાંધીનગર સુધી ગુંજવવા પણ આદેશ આપ્યો છે. વોરાએ પક્ષના સ્થાનિક સંગઠન પર પણ નિશાન સાધતા કહ્યું છે કે, "ભાજપનું સ્થાનિક સંગઠન પણ આ મુદ્દે કાંઈ કરતું નથી કારણ કે તેમનું પક્ષમાં કાંઈ ઉપજતું નથી." તેમણે વધુમાં ઉમેર્યું કે ઈડરના લોકો જ જાદર તાલુકાની રચના થવા દેતા નથી.

રમણલાલ વોરાએ કાર્યકરોને સ્પષ્ટ સૂચના આપી છે કે, "હાલ આપણી પ્રાથમિકતા જાદર તાલુકાની રચના છે. જ્યાં સુધી આ ન થાય ત્યાં સુધી ભાજપ-કોંગ્રેસ કે આપની વાત ન કરશો. જો તાલુકાની રચના ન થાય તો પછી પક્ષની વાત કરશો." આ નિવેદન પક્ષ કરતાં સ્થાનિક મુદ્દાને વધુ મહત્વ આપવાનો અને તેની સિદ્ધિ ન થાય તો પક્ષથી વિમુખ થવાનો સંકેત આપે છે.

સરકારે ૨૪ સપ્ટેમ્બરે નવા ૧૭ તાલુકાની રચના કરી હતી, પરંતુ જાદર તાલુકાની માગ હોવા છતાં તેની રચના ન થતાં ઈડરમાં લોકોનો રોષ ફાટી નિકળ્યો હતો. આ ઘટના બાદ રમણલાલ વોરાને ત્યાં જઈને ભાજપના ૧૦૦થી વધુ કાર્યકરોએ પક્ષમાંથી રાજીનામું ધરી દીધું હતું. સરકારે બુધવારે નવા તાલુકાની સંરચનામાં ફેરબદલ કરી હોવા છતાં જાદર તાલુકાની રચના અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

આ દરમિયાન, બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અગાઉ કરેલી તાલુકાની રચનામાં ફેરફાર કર્યા હતા. અગાઉ ફાગવેલ તાલુકાના વડુમથક તરીકે કાપડીવાવ (ચીખલોડ) જાહેર કરાયું હતું. અહીંના સ્થાનિકોએ ચીખલોડને બદલે ફાગવેલને જ તાલુકા મથક બનાવવા વિરોધ કરતા, સરકારે ફેરફાર કરીને હવે તાલુકા મથક ફાગવેલ જ રહેશે. સુરત જિલ્લાના ૮ ગામોને નવા બનેલા અરેઠ તાલુકામાં સમાવાયા હતા, તેને બદલે હવે તે માંડવી તાલુકામાં લેવાયા છે. જોકે, આ ફેરબદલો વચ્ચે પણ રમણલાલ વોરાની મુખ્ય માગણી જાદર તાલુકાની રચના અદ્ધરતાલ રહી છે, જેને કારણે તેમનો અને કાર્યકરોનો રોષ વધુ વકર્યો છે. રમણલાલ વોરાએ કાર્યકરોને સ્પષ્ટ સૂચના આપી છે કે, "હાલ આપણી પ્રાથમિકતા જાદર તાલુકાની રચના છે. જ્યાં સુધી આ ન થાય ત્યાં સુધી ભાજપ-કોંગ્રેસ કે આપની વાત ન કરશો. જો તાલુકાની રચના ન થાય તો પછી પક્ષની વાત કરશો."

---

કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ, કામગીરી દરમિયાન મળેલી અનધિકૃત રેતી જપ્ત

# ગીર સોમનાથમાં રેતીના કાળા ધંધા પર કડક કાર્યવાહી । ઉનામાં બે ટ્રેક્ટર સીઝ

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૮ ।

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના કાળપાણ ગામમાં પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીની સંયુક્ત ટીમે આજે એક મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી હતી. કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ, કામગીરી દરમિયાન મળેલી અનધિકૃત રેતી જપ્ત કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે બે ટ્રેક્ટર આશરે ૮ લાખની કિંમતનો આશરે ૬ ટન રેતી વહન કરતા હતા.સ્થાનિક અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે તાજેતરના સમયમાં જિલ્લામાં રેતી ખનન અને અનધિકૃત પરિવહનની ઘટના વધી છે. આવી ફરિયાદો વધી રહી હોવાથી, પ્રાંત કચેરીએ ગુપ્ત સ્ત્રોતો પાસેથી મળેલી માહિતીના આધારે તાત્કાલિક તપાસ કરવાનો નિર્ણય લીધો હતો. તપાસ દરમિયાન, ઘટનાસ્થળે કોઈ દસ્તાવેજો મળ્યા ન હતા, જેના કારણે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી અને ઉનામાં બે ટ્રેક્ટર જપ્ત કરવામાં આવ્યા હતા.ટ્રેક્ટર જપ્ત કર્યા પછી, સ્થાનિક મામલતદાર અને પ્રાંત ટીમ ડ્રાઈવરોને પૂછપરછ માટે ઓફિસમાં લાવ્યા હતા. હાલમાં, રૂટ, સ્થાન અને સંડોવાયેલા લોકો વિશે ડ્રાઈવરોની પૂછપરછ ચાલી રહી છે. પ્રાથમિક વ્યવસ્થા મુજબ, વધુ તપાસમાં સત્ય બહાર આવશે, અને જો જરૂરી હોય તો, ખાણકામ વિભાગ અને પોલીસ સાથે મળીને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

---

## મને જવાબદારી મુક્ત કરો, કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ રાજીનામાના સંકેત આપ્યાં

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો સંકેત આપીને રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ કરી દીધી છે. તેમણે કહ્યું છે કે તેઓ કોઈપણ ચૂંટણી લડશે નહીં અને કોંગ્રેસ કાર્યકારી સમિતિમાં તેમની જવાબદારીઓમાંથી તેમને મુક્ત કરવા પક્ષને અપીલ કરી છે.જગદીશ ઠાકોરે મીડિયાને જણાવ્યું હતું કે, "હું મારા છેલ્લા શ્વાસ સુધી કોંગ્રેસ માટે કામ કરતો રહીશ, પરંતુ હવે યુવા અને મહેનતુ કાર્યકરોને આગળ લાવવાની જરૂર છે."રાહુલ ગાંધીનો આભાર વ્યક્ત કરતા તેમણે કહ્યું, "રાહુલ ભાઈએ મને ધારાસભ્ય અને સાંસદ બનાવ્યો. હું તેમનો આભારી અને ઋણી છું."જગદીશ ઠાકોરે વધુમાં કહ્યું, "મેં સ્પષ્ટપણે નક્કી કર્યું છે કે હવે કોઈપણ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે મારી કોઈ ભૂમિકા રહેશે નહીં. હવે સમય આવી ગયો છે કે એવા ચહેરાઓને આગળ લાવવાનો જે સખત મહેનત કરી શકે." ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો સંકેત આપીને રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ કરી દીધી છે.

---

## વડોદરા સયાજીગંજ વિસ્તારમાં સામાન્ય બોલાચાલી બાદ યુવકની હત્યા કરી નાખી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

શહેરને જાણે કોઈની નજર લાગી ગઈ હોય અથવા તો ગુનેગારોને પોલીસનો કોઈ જાતનો ડર ન હોય તેમ અહીંયા દિવસેને દિવસે ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. તાજેતરમાં જ શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સામાન્ય બોલાચાલી બાદ એક યુવકની હત્યા કરી દેવાઈ. જો કે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી તો પાડ્યો પરંતુ આજે પણ પોતાના વ્હાલસોયાને ગુમાવ્યા બાદના આંસુ પરિવારની આંખોમાંથી સુકાયા નથી.વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તાર પાસે ઝુલતા પુલ નજીક આવેલ ભવાની નગરમાં સામાન્ય બોલાચાલી જીવલેણ બની હતી. પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં રહેતા અજય શિંદેએ રાહુલ રાજુ ખોડેકરને અપશબ્દો ન બોલવાનું કહેતા સામાન્ય તકરારમાં મામલો ઉગ્ર બની ગયો હતો. ગુસ્સે ભરાયેલા રાહુલે અજય શિંદે તેમજ તેની સાથે રહેલા વિકાસ પર કોસથી હુમલો કર્યો હતો. જેમાં ગંભીર ઈજા થતાં અજયને તાત્કાલિક જીજીર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસને ઘટનાની જાણ થતા જ સ્થળ પરથી પુરાવા એકત્ર કરી અને સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા.પોલીસે ઘટના બનતા જ અલગ અલગ ટીમો બનાવી આરોપી સુધી પહોંચવાના તમામ પ્રયાસો શરૂ કર્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને યુવકો વચ્ચે વ્યક્તિગત કારણોસર બોલાચાલી થઈ હતી, જે બાદ ગુસ્સામાં આવી આરોપીએ હત્યાની ઘટના અંજામ આપ્યો હતો. પોલીસે આ ગુનાની ગંભીરતા ધ્યાનમાં લેતા માત્ર થોડા કલાકોમાં જ આરોપી રાહુલ રાજુ ખોડેકરની ધરપકડ કરી લીધી હતી. તપાસ દરમિયાન પોલીસે ભવાની નગર વિસ્તારમાંથી જ હત્યાના ઉપયોગમાં લેવાયેલા ઓજાર પણ કબજે કર્યું હતું. આરોપી સામે હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.






## તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાની જરૂરી બની....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઇફમાં લોકો ઓનલાઇન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઇને કેટલીક સાવધાની જરૂરી બની ગઇ છે. કારણ કે ઓનલાઇન કારોબારના સમયમાં ઠગાઇ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. લોકો ઓનલાઇન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઇ રહ્યા છે. ઓનલાઇનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઇ છે. ઇ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઇ રહ્યુ છે.

આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઇન ચેટિંગનો શિકાર થઇ જાય છે. ઓનલાઇન બિલ પેમેન્ટ કરવા, કોઇ ઇ-કોમર્સ સાઇટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઇ જાય છે. આરબીઆઇના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ




અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઇન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઇન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઇલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કો િચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઇન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઇન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઇ ગઇ છે. કેટલાક કેસમાં ઓનલાઇન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઇફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઇ પણ તબક્કામાં થઇ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઈન્ડિયા જેવી સાઇટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઇટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફલીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઇટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઇટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફલીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઇમ પેઇડ સર્વિસ છે. જે` ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠગ લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઇટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઇ જાય છે. નકલી વેબસાઇટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઇથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઇટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઇ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઇટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઇ કરનાર હોઇ શકે છે. અલબત્ત આ સાઇટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.



**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે



વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફ્લેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોક્સિંગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે



**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઇ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઇ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઇ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઇલ્ડહુડ કેન્સરની



દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઈલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઈ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઈ પણ ભાગથી શરૂ થઈને થઈ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઈ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઈલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઈન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# લેહ હિંસા ફરી ખુલ્યા પછી કર્ફ્યુમાં વધુ રાહત મળી

। શ્રીનગર, તા.૮ ।

લેહ હિંસા બાદ જિલ્લામાં પરિસ્થિતિમાં સતત સુધારો થઈ રહ્યો છે. વહીવટીતંત્રે મંગળવારે કર્ફ્યુમાં વધુ છૂટછાટની જાહેરાત કરી અને બજારના કલાકો લંબાવ્યા. લેહમાં હિંસા બાદ બંધ કોલેજો બુધવારથી ફરી ખુલી હતીદુકાનો અને વાણિજ્યિક સંસ્થાઓ લંબાવવામાં આવી છે. હવે તેઓ સવારે ૭:૦૦ થી સાંજે ૮:૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. અગાઉ, દુકાનો સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘણા દિવસોથી પરિસ્થિતિ શાંતિપૂર્ણ અને નિયંત્રણમાં છે, જેના કારણે ધીમે ધીમે પ્રતિબંધો હળવા કરવામાં આવ્યા છે.જિલ્લાભરમાં શાળાઓ પહેલાથી જ સરળતાથી કાર્યરત છે. જાહેર પરિવહન સેવાઓ નિયમિતપણે ફરી શરૂ થઈ છે, જેનાથી શહેરની અંદર અને આસપાસ અવરજવર સરળ થઈ ગઈ છે. જોકે, સુરક્ષા અને દેખરેખની ચિંતાઓને ટાંકીને, ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત છે.તેમણે જણાવ્યું હતું કે લેફ્ટનન્ટ ગવર્નરનું વહીવટીતંત્ર સામાન્ય જીવન ફરી શરૂ થતાં જમીની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે દૈનિક સમીક્ષા બેઠકો યોજી રહ્યું છે. લેહના લોકોએ આશા વ્યક્ત કરી છે કે પ્રતિબંધો હળવા કરવાથી જનતા અને વ્યવસાયો બંનેને રાહત મળશે. દૈનિક પ્રવૃત્તિઓ ધીમે ધીમે ફરી શરૂ થતાં, લેહના રહેવાસીઓને આશા છે કે સંપૂર્ણ સામાન્યતા ટૂંક સમયમાં પાછી આવશે અને પ્રતિબંધો સંપૂર્ણપણે હટાવવામાં આવશે.

## મહાગઠબંધન સીટ-વહેંચણી પર સહમતિ પર પહોંચી ગયું

# આરજેડી ૧૩૦ થી ૧૩૫ બેઠકો પર ચૂંટણી લડી શકે છે, જ્યારે કોંગ્રેસ ૫૫ થી ૫૮ બેઠકો પર ચૂંટણી લડી શકે

**રાષ્ટ્રીય જનતા દળ ૧૩૦ થી ૧૩૫ બેઠકો, કોંગ્રેસ ૫૫ થી ૫૮ બેઠકો અને મુકેશ સાહનીની પાર્ટી વીઆઇપી ૧૪ થી ૧૮ બેઠકો પર ચૂંટણી લડી શકે । ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભા માટે ૬ઠ્ઠી અને ૧૧મી તારીખે ચૂંટણી યોજાવાની**

। પટણા, તા.૮ ।

બિહાર વિધાનસભા ચૂંટણી માટે મહાગઠબંધન સીટ-વહેંચણી પર સહમતિ પર પહોંચી ગયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય જનતા દળ ૧૩૦ થી ૧૩૫ બેઠકો, કોંગ્રેસ ૫૫ થી ૫૮ બેઠકો અને મુકેશ સાહનીની પાર્ટી વીઆઈપી ૧૪ થી ૧૮ બેઠકો પર ચૂંટણી લડી શકે છે.૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભા માટે ૬ઠ્ઠી અને ૧૧મી તારીખે ચૂંટણી યોજાવાની છે. પરિણામો ૧૪મી નવેમ્બરે જાહેર થશે.વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવના સત્તાવાર નિવાસસ્થાને મહાગઠબંધનની બેઠક યોજાશે. આ બેઠકમાં આ બેઠક વહેંચણી ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.



મુકેશ સાહનીને ઓફર કરાયેલી બેઠકોમાં ઔરાઈ, કુધની, સરૈરંજન, અલીનગર, બૌદગ્રામ, બરહારા અને સિમરી બખ્તિયારપુરનો સમાવેશ થાય છે. વીઆઈપી વડા મુકેશ સાહની બેઠકો ઘટાડવા માટે સંમત થયા છે, પરંતુ હજુ પણ નાયબ મુખ્યમંત્રી પદ પર અડગ છે. એ નોંધવું જોઈએ કે ૨૦૨૦ ની ચૂંટણી દરમિયાન, મુકેશ સાહનીએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સ્ટેજ છોડી દીધો હતો, કારણ કે તેમને વચનો છતાં બેઠકો આપવામાં આવી ન હતી. તેઓ પાછળથી એનડીએમાં જોડાયા અને ૧૧ બેઠકો પર ચૂંટણી લડી, જેમાંથી ચાર બેઠકો જીતી. આ વખતે, સાહનીએ શરૂઆતમાં ૬૦ બેઠકોની માંગ કરી હતી, પરંતુ બાદમાં જો તેમને નાયબ મુખ્યમંત્રી જાહેર કરવામાં આવે તો સંખ્યા ઘટાડવા સંમત થયા.એ યાદ રહે કે રાજદ- ૧૩૦ થી ૧૩૫,કોંગ્રેસ- ૫૫ થી ૫૮,વીઆઈપી- ૧૪ થી ૧૮,ડાબેરી- ૩૦ થી ૩૨,રાજદ પોતાના ક્વોટામાંથી ૩ બેઠકો જેએમએમને અને ૨ બેઠકો પશુપતિ પારસની પાર્ટીને આપશે.

બિહારમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત થયા પછી, રાજકીય પક્ષો બેઠકોની વહેંચણી અંગે વિચાર-વિમર્શ કરી રહ્યા છે. તેજસ્વી યાદવના નિવાસસ્થાને મહાગઠબંધનની બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ અને તેના સાથી ૫ક્ષોના અનેક નેતાઓ હાજર રહ્યા હતા. બેઠક બાદ તેજસ્વી યાદવે કહ્યું કે ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ બિહારના લોકો ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. આ દિવસ સુવર્ણ અક્ષરોમાં લખાશે. બિહારના લોકો આ વખતે પરિવર્તન ઈચ્છે છે.

દરમિયાન એનડીએમાં બેઠકોની ફાળવણીને લઈને ભારે ખેંચતાણ શરૂ થઈ છે એનડીએની અંદર સીટ-વહેંચણીનો મુદ્દો વધુને વધુ જટિલ બની રહ્યો છે. જીતન રામ માંઝી ૧૫ થી ઓછી બેઠકો પર ચૂંટણી લડવા માટે તૈયાર નથી.

## પ્રિયંકા ગાંધી આલિયા ભટ્ટ નામની ગાયને મળ્યા, તેમના એક્સ એકાઉન્ટ પર એક રમુજી વાર્તા શેર કરી

। નવીદિલ્હી, તા.૮ ।

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ તેમના એક્સ એકાઉન્ટ પર એક રમુજી વાર્તા શેર કરી, જેમાં ખુલાસો થયો કે તેઓ આલિયા ભટ્ટ નામની ગાયને મળ્યા. હકીકતમાં, પ્રિયંકા ડેરી ખેડૂતોના એક જૂથને મળી, જ્યાં તેઓ આલિયા ભટ્ટ નામની ગાયને મળ્યા. ત્યારબાદ પ્રિયંકાએ આ ઘટના તેના એક્સ હેન્ડલ પર શેર કરી અને બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટને ટેગ કરી.પ્રિયંકાએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું, "એક સુંદર પરિવાર દ્વારા સંચાલિત ડેરી ફાર્મમાં ડેરી ખેડૂતોના એક જૂથને મળ્યો (અને આલિયા ભટ્ટ નામની ગાયને પણ મળ્યો! આલિયા ભટ્ટની માફી માંગુ છું, પરંતુ તે ખરેખર મીઠી હતી!)"પ્રિયંકાએ કહ્યું, "દુર્ભાગ્યવશ, ડેરી ખેડૂતો ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, અને ઘણા ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. હું સંબંધિત મંત્રાલયને પત્ર લખવા માંગુ છું જેથી તેઓને તેમની ઘણી સમસ્યાઓથી વાકેફ કરી શકાય, જેમાં પશુચિકિત્સા દવાઓના વધતા ભાવ, પર્યાપ્ત વીમા કવરેજનો અભાવ અને સારી ગુણવત્તાવાળા પશુ આહાર મેળવવામાં મુશ્કેલીઓનો સમાવેશ થાય છે."પ્રિયંકાએ કહ્યું, "હું તે બધા ખેડૂતોનો આભારી છું જેમણે મને આ મુદ્દાઓ સમજાવવા માટે સમય કાઢ્યો. હું તેમને દરેક શક્ય રીતે મદદ કરીશ."

## પૂર્વ પ્રધાનમંત્રી એચડી દેવગૌડાની તબિયત બગડી, હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

। નવીદિલ્હી, તા.૮ ।

